PRGI : GJGUJ/25/A4373

દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

કોઈપણ કિંમત પર સમાચાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

Weekly સાપ્તાહિક ગુજરાતી

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. મો.૯૮૯૮૬૯૩૯૮૫ E-mail : badshahpathan@gmail.com

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

તા.૦૭-૦૯-૨૦૨૬ સોમવાર । અંક નં.૩૬ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 07-09-2026 MONDAYI Isseu No. 36 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

## ૬ લાખની લોન ન ચૂકવવી પડે તે માટે IIFL બેંક મેનેજરની વર્ના કારમાં ગળું કાપી હત્યા, પ્રેમી-પ્રેમિકાએ રચ્યું ઘાતક કાવતરું

પ્રાંતિજના વડવાસા નજીક સનસનીખેજ કેસનો સાબરકાંઠા પોલીસે ગણતરીના કલાકોમાં કર્યો પર્દાફાશ; પ્રેમિકા સરકારી વસાહતના બંધ મકાનમાંથી ઝડપાઈ, પ્રેમીની શોધખોળ ચાલુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક આવેલ વડવાસા ત્રિભેટા પાસે IIFL ફાઈનાન્સના બ્રાંચ મેનેજર ભરત ચૌધરીની થયેલી સનસનીખેજ હત્યાનો ભેદ ઉકેલવામાં સાબરકાંઠા પોલીસને મોટી સફળતા મળી છે. રૂ. ૬ લાખનું દેવું ન ચૂકવવું પડે અને ગીરવે મૂકેલા સોનાના દાગીના પરત મેળવવાની લાલચમાં પ્રેમી અને પ્રેમિકાએ મળીને બેંક મેનેજરની ચાલુ વર્ના કારમાં જ તીક્ષ્ણ હથિયાર વડે ગળાના ભાગે ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી નાખી હતી. પોલીસે બાતમીના આધારે ગણતરીના કલાકોમાં જ મુખ્ય કાવતરાખોર મહિલા આરોપીની અટકાયત કરી લીધી છે. ૧. પૈસા આપવાના બહાને બોલાવી કારમાં મોતને ઘાટ ઉતાર્યા પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, ગત ૨ સપ્ટેમ્બરના રોજ માણસા સ્થિત IIFL બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતા ભરતભાઈ ચૌધરી (ઉ.વ. ૪૨)ને આરોપીઓએ પૈસા આપવાના બહાને સંપર્ક કર્યો હતો. મુખ્ય આરોપી યોગેશ ઠાકોર મેનેજર ભરતભાઈને પોતાની સાથે સફેદ રંગની વર્ના કારમાં માણસાથી લઈને નીકળ્યો હતો. ત્યાંથી પ્રાંતિજ પહોંચીને સહ-આરોપી મહિલા ભાવનાબેન ઉર્ફે ભાવુ ઠાકોર પણ કારમાં સવાર થઈ હતી. ત્યારબાદ ત્રણેય જણા વર્ના કાર લઈને પ્રાંતિજ તાલુકાના કરોલ તથા લીંબલા-વડવાસા ત્રણ રસ્તા (વડવાસા પેટ્રોલ પંપ) નજીક પહોંચ્યા હતા. ચાલુ કારે યોગ્ય તક મળતાં જ ભાવનાબેને ભરતભાઈને મજબૂતીથી પકડી રાખ્યા હતા અને પ્રેમી યોગેશ ઠાકોરે તીક્ષ્ણ છરી વડે મેનેજરના ત્રણેય જણા વર્ના કાર લઈને પ્રાંતિજ તાલુકાના કરોલ તથા લીંબલા-વડવાસા ત્રણ રસ્તા (વડવાસા પેટ્રોલ પંપ) નજીક પહોંચ્યા હતા. ચાલુ કારે યોગ્ય તક મળતાં જ ભાવનાબેને ભરતભાઈને મજબૂતીથી પકડી રાખ્યા હતા અને પ્રેમી યોગેશ ઠાકોરે તીક્ષ્ણ છરી વડે મેનેજરના હતા. આ દરમિયાન રસ્તામાં ગાડી રિવર્સ લેવા જતાં કાર એક ખાડામાં ફસાઈ ગઈ હતી. આરોપીઓએ કારને બહાર કાઢવા પ્રયાસો કર્યા હતા, પરંતુ સફળતા મળી નહોતી. અંતે પકડાઈ જવાના ડરથી બંને આરોપીઓ કાર અને મેનેજરનો મૃતદેહ ઘટનાસ્થળે જ છોડીને ફરાર થઈ ગયા હતા.૩. ૭ વર્ષનો પ્રેમસંબંધ અને ૬ લાખની લોનનું કાવતરું હિંમતનગર DySP એ. કે. પટેલના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં જ અલગ-અલગ ટીમો બનાવી તપાસ ધમધમાવવામાં આવી હતી. પોલીસે ગુપ્ત બાતમીના આધારે પ્રાંતિજની ૯૯૯ સરકારી વસાહતના એક બંધ મકાનમાંથી દરોડો પાડી મહિલા આરોપી ભાવનાબેન ઉર્ફે ભાવુ ઠાકોરને ઝડપી લીધી હતી.

પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે ભાવનાબેન અને આરોપી યોગેશજી વચ્ચે છેલ્લા ૭ વર્ષથી ગાઢ પ્રેમસંબંધ હતો. ભાવનાબેને મેનેજર ભરતભાઈ પાસેથી રૂ. ૧.૫૦ લાખ અને યોગેશે અલગ-અલગ લોન પેટે રૂ. ૪.૫૦ લાખ લીધા હતા. આ ઉપરાંત બેંકમાં સોનાના દાગીના પણ ગીરવે મૂકેલા હતા. કુલ રૂ. ૬ લાખની રકમ પરત ન ચૂકવવી પડે અને ગીરવી મુકેલું સોનું પાછું મળી જાય તે હેતુથી જ આ હત્યાનું પ્લાનિંગ કરવામાં આવ્યું હતું.

૪. પોલીસ કાર્યવાહી

હાલ પ્રાંતિજ પોલીસે મહિલા આરોપી ભાવનાબેનની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ફરાર પ્રેમી યોગેશ ઠાકોરને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી દરોડા પાડવામાં આવી રહ્યા છે.

## સાબરકાંઠા LCB ને મોટી સફળતાઃ ૧૧ મોટરસાયકલ ચોરી કરનાર રાજસ્થાનનો રીઢો ચોર પકડાયો



સાબરકાંઠા જિલ્લામાં અવારનવાર બનતી વાહન ચોરીની ઘટનાઓ પર લગામ લગાવવા માટે પોલીસ અધિક્ષક દ્વારા ખાસ રચવામાં આવેલી વાહન ડિટેક્શન સ્ક્વોડ (LCB) ને મોટી સફળતા સાંપડી છે. ગુપ્ત બાતમીના આધારે પોલીસે રાજસ્થાનના એક શાતિર વાહન ચોરને ઝડપી પાડી તેની પાસેથી ૧૧ ચોરાઉ મોટરસાયકલ કબ્જે કરી છે.

ગાંધીનગર વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી વિરેન્દ્રસિંહ યાદવ (IPS) તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહીલ (IPS) ના માર્ગદર્શન હેઠળ LCB પો.ઈન્સ. ડી.સી. સાકરીયા અને પો.સ.ઈ. વી.આર. ચૌહાણની ટીમે ખાસ પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. પેટ્રોલીંગ દરમિયાન હિંમતનગર મોતીપુરા થી અમદાવાદ રોડ પર શંકાસ્પદ નંબર વગરના કાળા અને ગ્રે કલરના સ્પ્લેન્ડર બાઈક સાથે એક યુવક ઝડપાયો હતો.

પકડાયેલ આરોપીની વિગતઃ

નામઃ સાહિલ ઉર્ફે સાયર સલીમભાઇ ઘાંચી (શેખ) (ઉંમર વર્ષ ૨૨)

રહેવાસીઃ ભાણધા, તા. ખેરવાડા, જી. ઉદયપુર (રાજસ્થાન)

સાબરકાંઠા જિલ્લામાં અવારનવાર બનતી વાહન ચોરીની ઘટનાઓ પર લગામ લગાવવા માટે પોલીસ અધિક્ષક દ્વારા ખાસ રચવામાં આવેલી વાહન ડિટેકશન સ્કવોડ (LCB) ને મોટી સફળતા સાંપડી છે. ગુપ્ત બાતમીના આધારે પોલીસે રાજસ્થાનના એક શાતિર વાહન ચોરને ઝડપી પાડી તેની પાસેથી ૧૧ ચોરાઉ મોટરસાયકલ કબ્જે કરી છે.

ગાંધીનગર વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી વિરેન્દ્રસિંહ યાદવ (IPS) તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહીલ (IPS)ના માર્ગદર્શન હેઠળ ન્ઝ્રમ્ પો.ઈન્સ. ડી.સી. સાકરીયા અને પો.સ.ઈ. વી.આર. ચૌહાણની ટીમે ખાસ પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. પેટ્રોલીંગ દરમિયાન હિંમતનગર મોતીપુરા થી અમદાવાદ રોડ પર શંકાસ્પદ નંબર વગરના કાળા અને ગ્રે કલરના સ્પ્લેન્ડર બાઈક સાથે એક યુવક ઝડપાયો હતો.

પકડાયેલ આરોપીની વિગતઃ

નામઃ સાહિલ ઉર્ફે સાયર સલીમભાઇ ઘાંચી (શેખ) (ઉંમર વર્ષ ૨૨)

રહેવાસીઃ ભાણધા, તા. ખેરવાડા, જી. ઉદયપુર (રાજસ્થાન)પોલીસે પૂછપરછ કરતા આરોપી પાસે વાહનના કોઈ કાયદેસરના કાગળો નહોતા. ઈ-ગુજકોપ તથા પોકેટ કોપ સોફ્ટવેરની મદદથી તપાસ કરતા સદર બાઈક હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં ચોરાયેલ હોવાનું ખુલ્યું હતું. ત્યારબાદ કડક પૂછપરછ હાથ ધરતા આરોપીએ સાબરકાંઠા અને આસપાસના વિસ્તારોમાંથી કુલ ૧૧ મોટરસાયકલોની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.સરાહનીય કામગીરી કરનાર પોલીસ ટીમઃ

P.I. ડી.સી. સાકરીયા, P.S.I. વી.આર. ચૌહાણ, તથા પો.કો. કપિલભાઈ કલ્યાણસિંહ, વિપુલસિંહ નવલસિંહ, પ્રદિપસિંહ મહેન્દ્રસિંહ, અભિજીતસિંહ શ્રવણસિંહ, નરેન્દ્રકુમાર મોતીભાઈ અને કૌશિક રાજુભાઇ (LCB સાબરકાંઠા)

# ઈડર APMC ચૂંટણીઃ ભાજપમાં અસંતોષ બાદ ત્રિપાંખિયો જંગ, ૯ સપ્ટેમ્બરે મતદાન




ઈડર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ની આગામી ૯ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીને લાઈને ઈડર તાલુકાના સહકારી રાજકારણમાં ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપ દ્વારા મેન્ડેટની જાહેરાત કરાતાં જ સપાટી પર આવેલા અસંતોષ વચ્ચે હવે ૩૬ ઉમેદવારો સાથે ત્રણ પેનલો વચ્ચે ત્રિપાંખિયો ચૂંટણી જંગ જામશે. ચૂંટણીનું આંકડાકીય અને રાજકીય ચિત્રકુલ ફોર્મઃ જાહેરનામું બહાર પડ્યા બાદ પ્રારંભમાં અંદાજે રેવાસ, દેશોતર અને સિંગા સેવા મંડળીનું સમર્થન સાંપડ્યું છે.

મુખ્ય ત્રણ પેનલોના ઉમેદવારોની યાદી

પેનલનું નામ વિભાગ ઉમેદવારોના નામ (ગામ)

ભાજપ પ્રેરિત પેનલ

ખેડૂત વિભાગ અશોકભાઈ જોઈતાભાઈ પટેલ (દાવડ), કોમલકુમાર ચીમનભાઈ પટેલ (ફિંચોડ), જશુભાઈ પ્રભાભાઈ પટેલ (કમાલપુર), જયંતિભાઈ કિશોરભાઈ પટેલ (શેરપુર), હિતેન્દ્રકુમાર દાનભાઈ પટેલ (ઉમેદગઢ), દિપકભાઈ ધીરાભાઈ પટેલ (દેત્રોલી), ધર્મેન્દ્રકુમાર તળશીભાઈ પટેલ (મોહનપુરા), જયંતિભાઈ જીવાભાઈ પટેલ (ગોરલ), અનોપસિંહ દેવીસિંહ ચૌહાણ (બોલુન્દ્રા-રૂ), રજનીકાંત ભીખાભાઈ પટેલ (મોટાકોટડા)

વેપારી વિભાગ ભુપેન્દ્રભાઈ ભીખાભાઈ પટેલ (પૃથ્વીપુરા), ભૌમિક મહેશકુમાર શાહ (ઈડર), દિપેશભાઈ ધીરાભાઈ પટેલ (પાનોલ), મેમણ જાવેદહુસૈન હાજી કાદરભાઈ (ઈડર)

ખેડૂત એકતા પેનલ

ખેડૂત વિભાગ સતિષભાઈ હરિભાઈ પટેલ (મેસણ), હરેશભાઇ પ્રવીણભાઇ પટેલ (બ્રહ્મપુરી), હેમતભાઇ નશાભાઈ પટેલ (જાદર), પંકજભાઈ બાબુભાઇ પટેલ (શેરપુર), નરસિંહભાઇ કેશરભાઇ પટેલ (ભાણપુર), પ્રવીણભાઈ શામળભાઇ પટેલ (રતનપુર), ગજેન્દ્રસિંહ જનકસિંહ કુંપવાત (મણિયોર), જયંતિભાઈ દવાભાઇ પટેલ (દેશોતર), કાંતિભાઈ મગનભાઇ પટેલ (સિંગા), કિરીટભાઈ રઘજીભાઇ પટેલ (જુમસર)

ખેડૂત વિકાસ પેનલ

ખેડૂત વિભાગ પટેલ જયેશભાઈ જગાભાઈ (ગોરલ), પટેલ એકતાબેન મનુભાઈ (ચોરીવાડ), પટેલ મિત્તલકુમાર માધુભાઈ (ભુતીયા), પંચાલ જીતેન્દ્રભાઈ કાલિદાસ (કાનપુર), જેતાવત વિજયસિંહ શૈતાનસિંહ (અંકાલા), પટેલ નંદુભાઈ ડાયાભાઈ (રતનપુર), ચૌહાણ નટવરસિંહ અગરસિંહ (આરસોડિયા), પટેલ સંજયભાઈ બાબુભાઈ (સરદારપુર), પટેલ કમલેશભાઈ ડાયાભાઈ (જવાનગઢ), પટેલ વિકાસભાઈ મહેન્દ્રભાઈ (સાબલવાડ)

વેપારી વિભાગ કે.સી.પટેલ (સદાતપુરા), રાહુલભાઈ દામોદર પટેલ (દેત્રોલી), જનકભાઇ ભરતભાઇ પંડયા (ઈડર)

બળવા પાછળનું મુખ્ય કારણ

ઈડર છઁસ્ઞ માં ભાજપ દ્વારા મેન્ડેટ આપવાની પ્રથા સામે અસંતોષ ઊભો થયો હતો. પક્ષ તરફથી મેન્ડેટ ન મળતાં સાબરકાંઠા બેંકના ડિરેક્ટર સતિષ પટેલની આગેવાનીમાં ભાજપ વિચારસરણી ધરાવતા સહકારી અગ્રણીઓએ અલગ ચોકો રચી 'ખેડૂત એકતા પેનલ' ઉતારી છે. હવે ત્રણેય પેનલો દ્વારા મતદારોનો સંપર્ક અને પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. છેલ્લી ઘડીએ બનેલી આ નવી પેનલ અને 'ખેડૂત વિકાસ પેનલ'ની હાજરીથી ભાજપ પ્રેરિત પેનલના મતોનું ધ્રુવીકરણ કોના તરફ નમે છે તેના પર જીત-હારનો આધાર રહેશે.

ઝડપી પ્રતિસાદ: જિલ્લામાં ૧૧ નવા વાહનો ઉમેરાવાથી ઈમરજન્સી સેવાઓ વધુ સુદ્રઢ અને ઝડપી બનશે.

જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ પ્રકારની આકસ્મિક કે કટોકટીની પરિસ્થિતિમાં ૧૧૨ નંબરનો વધુમાં વધુ ઉપયોગ કરી સરકારી સેવાનો લાભ લેવો. •

# ઈડરના મોહનપુરામાં સરકારી જમીન પરથી દબાણ હટાવવા મુદ્દે વિવાદ ઝઘડામાં બે ઈજાગ્રસ્ત, દશામાની મૂર્તિ ખસેડાતા મામલો ગરમાયો



ઈડરમાં ભાદરવી પૂનમે અંબાજી જતા પગપાળા યાત્રાળુઓ માટે વિસામો શરૂ કરવાના હેતુથી સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીન પર કરાયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દબાણ હટાવવાની કામગીરીના બીજા દિવસે બુધવારે મોહનપુરાની સીમમાં આવેલ સરકારી જમીન પરથી મામલતદારે ઝૂંપડાં દૂર કરાવતા વિવાદ સર્જાયો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર, મોહનપુરાની સીમમાં આવેલ સરકારી જમીન (સર્વે નંબર ૫૪૭) પર વિસામો ઊભો કરવા માટે મામલતદાર પૂજાબેન જોશીની આગેવાનીમાં અને પોલીસ બંદોબસ્ત સાથે મંગળવારથી જ દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અહીં છેલ્લા ઘણા સમયથી કેટલાક લોકો ઝૂંપડાં બનાવીને રહેતા હતા અને ગ્રામ પંચાયતમાં વેરો પણ ચૂકવતા હતા.

કાર્યવાહી દરમિયાન સ્થાનિક લોકોએ એકત્ર થઈને ઝૂંપડાં ખાલી કરવા માટે બે દિવસની મોહલત માંગી હતી. જોકે, ઉચ્ચ કક્ષાના આદેશના પગલે કામગીરી ચાલુ રખાઈ હતી. છાપરા પરથી પોતાનો સામાન દૂર કરી રહેલા વિક્રમ રાજુભાઈ ભરથરી અને કમલેશ કાંતિભાઈ ભરથરી નામના બે યુવકો અચાનક નીચે પટકાયા હતા. ઈજાગ્રસ્ત થયેલા બંને યુવકોને તુરંત સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

દશામાની મૂર્તિ ખસેડાતા વિરોધ

દબાણ વાળી જગ્યા પર દશામાનું મંદિર આવેલું હોવાથી તેને દૂર કરવું જરૂરી બન્યું હતું. મામલતદારે આદરપૂર્વક નમન કરીને દશામાની મૂર્તિને સરકારી વાહનમાં મૂકીને ખસેડતાં સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો હતો અને મામલો વધુ ગરમાયો હતો.

મામલતદારનો સ્પષ્ટવ્યસ્ત

આ મામલે મામલતદાર પૂજા જોષીએ જણાવ્યું હતું કે, ×વર્ષ ૧૯૯૬થી આ જમીન ભાદરવી પૂનમના પદયાત્રીઓના વિસામા માટે ફાળવાયેલી છે. દબાણદારોને આ જગ્યા ખાલી કરવા માટે અગાઉ વારંવાર નોટિસો આપવામાં આવી હતી. ૨૦ જુલાઈ અને ૫ ઓગસ્ટના રોજ પણ નોટિસો આપીને સ્થળની માપણી કરાઈ હતી અને હદના ખૂંટા મારવામાં આવ્યા હતા. આમ છતાં જગ્યા ખાલી ન કરાતા અંતે જેસીબીની મદદથી કાયદેસરની દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. •


રાકેશકુમાર પંચાલ
રીપોર્ટર
મો. ૯૬૦૧૫ ૮૩૬૫૨
પોશીના, જી. સાબરકાંઠા


જયેશ જોશી
રીપોર્ટર
મો. ૯૪૯૯૫ ૫૩૦૩૦
મુ.પો. લાંબડીયા, તા. પોશીના
જી. સાબરકાંઠા

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

## હિંમતનગર તાલુકા પંચાયતમાં દંડક તરીકે સાનિયા દીવાનની નિમણૂક થતા મુસ્લિમ સમાજમાં આનંદની લહેર



હિંમતનગર તાલુકા પંચાયતમાં દંડક (Whip) તરીકે લઘુમતી સમાજના સક્રિય અને શિક્ષિત આગેવાન સાનિયા દીવાનની નિમણૂક કરવામાં આવતા મુસ્લિમ સમાજમાં અને કોંગ્રેસ કાર્યકરોમાં ભારે આનંદ અને ઉત્સાહની લાગણી ફેલાઈ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતૃત્વ દ્વારા લઘુમતી સમાજના યુવા મહિલા આગેવાનને મહત્વની જવાબદારી સોંપવામાં આવતા સમાજમાં ખુશીનો માહોલ છે. સાનિયા દીવાન હંમેશા જનતાના પ્રશ્નો માટે લડતા અને સંગઠન માટે સક્રિય રહ્યા છે.

આ નિમણૂકને કોંગ્રેસ પક્ષની સર્વ સમાજને સાથે લઈને ચાલવાની નીતિનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવી રહ્યું છે. લઘુમતી સમાજના શિક્ષિત યુવાનોને રાજકારણમાં આગળ લાવવાનો આ પ્રયાસ છે.

સાનિયા દીવાનની નિમણૂક બદલ મુસ્લિમ સમાજના આગેવાનો, સામાજિક કાર્યકરો અને કોંગ્રેસના કાર્યકરોએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા, વિપક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખનો આભાર વ્યક્ત કર્યો હતો અને સાનિયા દીવાનને અભિનંદન પાઠવ્યા હતા.

સમાજના આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સાનિયા દીવાન દંડક તરીકેની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવશે અને તાલુકા પંચાયતમાં ગરીબ, વંચિત અને લઘુમતી સમાજના પ્રશ્નોને મજબૂતીથી રજૂ કરશે. ●

## હિંમતનગરમાં ઈડર સ્ટેટના મહારાજા હિંમતસિંહજીની ૧૨૭મી જન્મજયંતિની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાઈ



જેમના નામ પરથી હિંમતનગર શહેરનું નામકરણ થયું છે, તેવા ઈડર સ્ટેટના રાજવી અને દુરંદેશી શાસક મહારાજા હિંમતસિંહજીની ૧૨૭મી જન્મજયંતિની આજે હિંમતનગર ખાતે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના ન્યાય મંદિર પાસે આવેલી મહારાજા હિંમતસિંહજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી તેમને ભાવાંજલિ આપવામાં આવી હતી.

ઈડર સ્ટેટના રાજવી તરીકે મહારાજા હિંમતસિંહજીનું પ્રજાકલ્યાણ અને પ્રદેશના વિકાસમાં અભૂતપૂર્વ યોગદાન રહ્યું છે. વર્ષ ૧૯૪૭માં ભારત દેશના એકીકરણ સમયે તેમણે ઈડર સ્ટેટના વિલીનીકરણ (ઈન્ટિગ્રેશન) માટે હસ્તાક્ષર કરી રાષ્ટ્રભક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

તેમના શાસનકાળ દરમિયાન ઈડર, હિંમતનગર સહિત સમગ્ર સ્ટેટમાં શિક્ષણ, આરોગ્ય, રેલવે અને સિંચાઈ જેવા અનેક ક્ષેત્રોમાં અભૂતપૂર્વ વિકાસકાર્યો થયા હતા. તેમણે વિસ્તારમાં સ્કૂલો, કોલેજો, હોસ્પિટલો અને પોલીસ સ્ટેશનો જેવી મૂળભૂત સુવિધાઓ ઉભી કરી હતી. વિશેષરૂપે દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે તેમણે બાળાઓને મફત શિક્ષણ મળે તેવી વ્યવસ્થા ગોઠવી હતી.

આ ઉપરાંત કેનાલ, ડેમ, રેલવે નેટવર્ક, ખાણ-ખનિજ સંશોધન તથા ઈડર સ્ટેટની સૈન્ય ટુકડી 'ઈડર સર પ્રતાપ ઈન્ફન્ટ્રી'નું સંચાલન તેમના કુશળ નેતૃત્વ હેઠળ થયું હતું. સાબરકાંઠા અને અરવલ્લી વિસ્તારના સર્વાંગી વિકાસમાં તેમનો કાર્યકાળ સુવર્ણ અક્ષરે અંકાયેલો રહેશે.

કાર્યક્રમ દરમિયાન મહારાજા હિંમતસિંહજીના પરપૌત્ર રાજકુમાર કરણીસિંહજી રાઠોડે તેમના પ્રજાહિતકારી કાર્યો અને દુરંદેશી વિઝનને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## સાબરકાંઠા | BZ પોન્ઝી સ્કીમ મામલો એક વર્ષ બાદ રોકાણકારો આકરાપાણીએ, મહાઠગ ભૂપેન્દ્ર ઝાલા સામે આક્રોશ

BZ પોન્ઝી સ્કીમના મામલે એક વર્ષનો સમય વીતી ગયો હોવા છતાં રોકાણકારોને તેમના નાણાં પરત ન મળતા હવે રોકાણકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મહાઠગ ભૂપેન્દ્ર ઝાલા સામે રોકાણકારોએ આક્રોશ વ્યક્ત કરી કોર્ટની શરતોનું પાલન કરાવવાની માંગ ઉઠાવી છે.

મળતી માહિતી મુજબ, BZ પોન્ઝી સ્કીમમાં મોટી સંખ્યામાં રોકાણકારોએ નાણાંનું રોકાણ કર્યું હતું. જોકે લાંબો સમય વીતી ગયા બાદ પણ રોકાણકારોને તેમના નાણાં પરત મળ્યા નથી. આ મુદ્દે રોકાણકારો તેમજ સ્કીમ સાથે જોડાયેલા એજન્ટોમાં પણ ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

દરમિયાન ગ્રામ્ય કોર્ટમાં રોકાણકારો અને મ્ઢ પોન્ઝી સ્કીમના એજન્ટો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હોવાની ઘટના સામે આવી છે. નાણાં પરત મેળવવા અંગેની ચર્ચા દરમિયાન મામલો ગરમાયો હતો અને બંને પક્ષો વચ્ચે માથાકૂટ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

રોકાણકારોના જણાવ્યા મુજબ, ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભૂપેન્દ્ર ઝાલાને નાણાં પરત કરવાની શરતો સાથે જામીન આપવામાં આવ્યા હતા. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટમાં નાણાં જમા કરાવવાનો પણ આદેશ કર્યો હોવાનો રોકાણકારોનો દાવો છે. તેમ છતાં આજદિન સુધી નાણાં કોર્ટમાં જમા કરવામાં આવ્યા નથી, જેના કારણે રોકાણકારોમાં વધુ રોષ ફેલાયો છે.

રોકાણકારોએ હવે કોર્ટ સમક્ષ ગંભીર રજૂઆત કરી છે કે જો હાઈકોર્ટ દ્વારા મૂકવામાં આવેલી શરતોનું પાલન થયું નથી તો ભૂપેન્દ્ર ઝાલાના જામીન રદ કરવા અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. રોકાણકારોનું કહેવું છે કે એક વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં નાણાં પરત ન મળતા તેમના પરિવારની આર્થિક સ્થિતિ પણ કથળી રહી છે.

આ સમગ્ર મામલે હવે ટ્રાયલ કોર્ટમાં આગળ શું કાર્યવાહી થાય છે અને રોકાણકારોને તેમના નાણાં ક્યારે પરત મળે છે તેના પર સૌની નજર છે.

## હિંમતનગર ગ્રામ્યના હેડ કોન્સ્ટેબલ દિલીપ બોદર ૧,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા ACB ની કાર્યવાહી



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદીનું રેતી ભરેલું ટ્રેક્ટર ડિટેઇન ન કરવા અને સરળતાથી ચાલવા દેવાના બદલામાં હપ્તા પેટે હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બાબુભાઈ બોદરે રૂ. ૧,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)નો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ACB ની ટીમે ગોઠવેલા લાંચના છટકા દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોદર ફરિયાદી પાસેથી રૂ. ૧,૦૦૦ ની લાંચ સ્વીકારતા રંગેહાથ પકડાઈ ગયા હતા. ACB એ આરોપી હેડ કોન્સ્ટેબલની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**સમાચાર અને જાહેરખબર માટે સંપર્ક કરો**

**સાબર રીપોર્ટર ન્યુઝપેપર – સમાચાર અને જાહેરખબર માટે સંપર્ક કરો**
**પોશીના : રાકેશ પંચાલ મો.૯૬૦૧૫૮૩૬૫૨ લાંબડિયા : જયેશ જોષી મો.૯૪૯૯૫૫૩૦૩૦**

# સાબરકાંઠામાં ?૧૪.૨૪ કરોડના સાયબર ફ્રોડ સિન્ડિકેટનો ખુલાસો
## ૧૨ મ્યુલ એકાઉન્ટ ઝડપાયા, ૯ આરોપીઓ ગિરફ્તાર



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સાયબર ક્રાઈમ પોલીસને ઓનલાઈન સાયબર છેતરપિંડી આચરતી એક મોટી આંતરરાજ્ય સિન્ડિકેટનો પર્દાફાશ કરવામાં સફળતા મળી છે. પોલીસે મ્યુલ બેન્ક એકાઉન્ટ્સ (ભાડે મેળવેલા ખાતા) મારફતે આચરવામાં આવતા કરોડો રૂપિયાના ફ્રોડ રેકેટમાં સામેલ ૧૦ આરોપીઓમાંથી ૯ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. દેશભરમાંથી ૧૭ ફરિયાદો અને રૂા.૧૪.૨૪ કરોડનું ફ્રોડ

સાયબર ક્રાઈમ પોલીસની તપાસ દરમિયાન હિંમતનગર અને ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ૧૨ જેટલા શંકાસ્પદ મ્યુલ બેન્ક એકાઉન્ટ મળી આવ્યા હતા. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આ એકાઉન્ટ્સ સામે કેરળ, તેલંગાણા, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાંથી ૧૭ ફરિયાદો નોંધાયેલી છે. સમગ્ર સાયબર સિન્ડિકેટ દ્વારા કુલ રૂા.૧૪,૨૪,૫૯,૬૬૮ (અંદાજે ૧૪.૨૪ કરોડ)નું ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેમાંથી રૂા.૨૦,૩૧,૪૬૬ના સીધા વ્યવહારો આ ઝડપાયેલા ૧૨ મ્યુલ એકાઉન્ટ્સમાં કરવામાં આવ્યા હતા.

૩ થી ૪ ટકા કમિશન આપી થતી હતી રોકડ ઉપાડ

તપાસમાં સામે આવેલા મોડસ ઓપરેન્ડી મુજબ, આરોપીઓ અન્ય રાજ્યોના નિર્દોષ નાગરિકો સાથે સાયબર છેતરપિંડી આચરી ફ્રોડની રકમ આ મ્યુલ એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરાવતા હતા. ખાતાધારકોને ૩ થી ૪ ટકા કમિશન ચૂકવવામાં આવતું અને બાકીની મોટી રકમ છૂટ્સ અથવા ચેક મારફતે રોકડમાં ઉપાડીને અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવામાં આવતી હતી.

પોલીસ તપાસ અને કાર્યવાહી

ઘટના અંગે વિગત આપતા સાબરકાંઠા એસપી ડો. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ મામલે કુલ ૧૦ આરોપીઓની ઓળખ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા અને છેતરપિંડીની રકમ રિકવર કરવા પોલીસે આગળની કાર્યવાહી તેજ કરી છે. ●

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના હિંમતનગરમાં આક્રમક ધરણાં
## હલદ્વાની ઘટના અને સામાજિક ભેદભાવની રાજનીતિ સામે વિરોધ



સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ સામાજિક અને રાજકીય મુદ્દાઓને લઈને હિંમતનગરના મોતીપુરા સર્કલ ખાતે આક્રમક ધરણાં અને અને વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મોતીપુરા સર્કલ પર સ્થિત મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે યોજાયેલા આ વિરોધ કાર્યક્રમમાં કોંગ્રેસના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

સામાજિક ભેદભાવ અને કેસો પરત ખેંચવાની માંગ

ઉત્તરાખંડના હલદ્વાનીમાં બનેલી ઘટના બાદ શુદ્ધિકરણના નામે દેશમાં છૂઆછૂત અને સામાજિક ભેદભાવને પ્રોત્સાહન આપતી રાજનીતિ સામે કોંગ્રેસે તીવ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ સાથે જ, સામાજિક ન્યાય અને બંધારણના રક્ષણ માટે અવાજ ઉઠાવનારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે દાખલ કરવામાં આવેલા કેસો તાત્કાલિક અસરથી પરત ખેંચવામાં આવે તેવી પણ ઉગ્ર માંગ કરવામાં આવી હતી.

સૂત્રોચ્ચાર અને ભવિષ્યની ચીમકી

ધરણાં પ્રદર્શન દરમિયાન કાર્યકર્તાઓએ હાથમાં બેનરો સાથે સંવિધાન બચાવો, લોકશાહી બચાવો અને છૂઆછૂતની રાજનીતિ બંધ કરો જેવા નારા લગાવી સમગ્ર પરિસર ગજવી મૂક્યું હતું. કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે બંધારણના મૂલ્યો, સામાજિક સમાનતા અને ન્યાયની લડાઈ માટે કોંગ્રેસ આગામી દિવસોમાં પણ પોતાનો અવાજ વધુ બુલંદ કરશે.

સામાજિક ન્યાય, બંધારણીય મૂલ્યો અને લોકશાહીના રક્ષણ માટે કોંગ્રેસ પક્ષ અન્યાય સામે પોતાની લડાઈ સતત ચાલુ રાખશે.

— રામભાઈ વી. સોલંકી (પ્રમુખ, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ) ●

# ખેડબ્રહ્માના કલ્લેકા પાસે સાબરમતી નદીના પટમાં ગેરકાયદેસર ખનીજચોરી પર ફ્લાઈંગ સ્ક્વોડનો દરોડો
## સ્થાનિક ભૂસ્તરશાસ્ત્રીની રહેમ નજર અને રાજકીય આકાઓના આશીર્વાદ અંગે ચર્ચા સાતમા આસમાને

ખેડબ્રહ્માના કલ્લેકા નજીક સાબરમતી નદીમાં ખનીજચોરી પર ફલાઈંગ સ્ક્વોડની રેડઃ કડક કાર્યવાહીના અભાવે રાજકીય મિલીભગતની ચર્ચા

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના કલ્લેકા ગામ નજીકથી વહેતી સાબરમતી નદીના પટમાં લીઝધારકો અને ભૂમાફિયાઓ દ્વારા ચાલી રહેલા બેફામ ગેરકાયદેસર ખનીજઉત્ખનન પર સાબરકાંઠા ખાણ-ખનીજ વિભાગની ફલાઈંગ સ્ક્વોડે અચાનક દરોડો પાડતાં ભૂમાફિયાઓમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પડેલા આ દરોડા દરમિયાન સ્થળ પરથી ૨ ટ્રક અને ૧ હિટાચી/પોકલેન્ડ મશીન ગેરકાયદેસર ખનીજચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

જોકે, દરોડાને ચોવીસ કલાકથી વધુ સમય વિતી ગયો હોવા છતાં આ મામલે કોઈ નક્કર કાયદાકીય કે દંડકીય કાર્યવાહી ન થતાં સ્થાનિક પ્રજા અને જાગૃત નાગરિકોમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક ભૂસ્તરશાસ્ત્રી કિશન પટેલની ભૂમિકા સામે સવાલો

અહેવાલો મુજબ, આ સમગ્ર કૌભાંડ સાબરકાંઠા ખાણ-ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી કિશન પટેલની કથિત રહેમ નજર હેઠળ જ ચાલી રહ્યું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સ્થાનિક સ્તરેથી વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં દરોડા બાદ સ્થાનિક તંત્ર દ્વારા સમગ્ર મામલાને રફેદફે કરવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

રાજકીય મિલીભગત અને 'આકા'ના આશીર્વાદ

સ્થાનિક વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ, કલ્લેકા નદીપટમાં ચાલતા આ ગેરકાયદે ખેલ પાછળ કોઈ પ્રભાવશાળી રાજકીય નેતા કે ભૂમાફિયા આકાઓનો છુપો હાથ છે. અધિકારીઓ અને રાજકીય આકાઓની કથિત મિલીભગતના કારણે જ કરોડોની ખનીજચોરી છતાં સીઝ કરવાની કે જપ્તીની કડક કાર્યવાહી આગળ વધતી નથી.

જનતામાં ઊઠતા તીખા સવાલોઃ જપ્તી કેમ નહીં? દરોડા દરમિયાન ૨ ટ્રક અને ૧ મશીન પકડાયા હોવા છતાં કાયદેસરની એફ.આઈ.આર. કે દંડકીય આંકડાકીય કાર્યવાહી જાહેર કેમ કરવામાં આવી નથી?

કોના ઈશારે ખેલ? ગાંધીનગર ફલાઈંગ સ્ક્વોડના દરોડા પછી પણ સ્થાનિક અધિકારી કિશન પટેલ અને તેમની ટીમ કોના દબાણ હેઠળ કાર્યવાહીમાં ઢીલ મૂકી રહી છે?

કાગળ પર જ કેસ દબાઈ જશે? શું આ કૌભાંડ પણ ભૂતકાળના કૌભાંડોની જેમ તપાસના નામે કાગળ પર દબાવી દેવામાં આવશે કે ભૂમાફિયાઓ સામે દાખલારૂપ પગલાં ભરાશે?

હવે જોવાનું એ રહે છે કે ઉચ્ચ કક્ષાએથી આ મામલે તટસ્થ તપાસ કરીને દોષિત અધિકારીઓ અને ભૂમાફિયાઓ સામે કાર્યવાહી થાય છે કે પછી રાજકીય વગ આગળ કાયદો લાચાર સાબિત થાય છે. ●